For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




શહેરમાં પેટ્રોલ-ડિઝલનો સ્ટોક ખલાસ થઇ ગયો હોવાની અફવાના પગલે કાલાઘોડાના પેટ્રોલપંપ ખાતે વાહનચાલકો એકાએક ધસી જતાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જેના પગલે તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## પેટ્રોલ પંપો પર વાહનોની કિલોમીટર લાંબી કતારો : ટ્રાફિક જામથી શહેરના માર્ગો બાનમાં

# ઈંધણની અછતની ‘અફવા’થી ‘અફરાતફરી’

### ખાનગી પંપો પર ‘નો સ્ટોક’ના બોર્ડ વાગતા સાથે જ સરકારી પંપો પર જનમેદની ઉમટી પડતાં હાહાકાર

### પેટ્રોલ પંપો પર તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત ગોઠવીને ટ્રાફિક અને ભીડને નિયંત્રિત કરવાના પ્રયાસો કરાયાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

વડોદરા શહેરમાં સોમવારે સવારથી જ પેટ્રોલ અને ડીઝલ પુરાવવા માટે વાહનચાલકોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો.

સોશિયલ મીડિયા પર ઈંધણની અછત અંગે વહેતી થયેલી અફવાઓને કારણે નાગરિકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો, જેને પગલે ‘પેનિક બાઈંગ’ની સ્થિતિ સર્જાઈ હતી.

શહેરના અલકાપુરી, સયાજીગંજ, માંજલપુર અને ફતેગંજ સહિતના વિસ્તારોમાં પેટ્રોલ પંપો પર વાહનોની એટલી લાંબી કતારો લાગી હતી કે મુખ્ય માર્ગો પર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. વહીવટી તંત્ર દ્વારા હાલમાં પેટ્રોલ પંપો પર પોલીસ બંદોબસ્ત ગોઠવીને ટ્રાફિક અને ભીડને નિયંત્રિત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા પરંતુ આ પ્રયાસો નિરર્થક સાબિત થયા હોય તેમ ભીડ બેકાબૂ બની હતી.

### ‘અફવા ફેલાવનારા ખેર ખાઈ લેજો’: હર્ષ સંઘવી

રાજ્યના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ મામલે સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું હતું કે, “રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો કોઈ જ પ્રકારનો પ્રોબ્લેમ નથી. જથ્થો પૂરતી માત્રામાં છે, તેથી જનતાએ ચિંતા કરવાની જરૂર નથી. જે કોઈ પણ તત્વો સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમથી ખોટી અફવા ફેલાવતા પકડાશે, તેમની સામે સરકાર કડકમાં કડક કાર્યવાહી કરશે અને સજા આપશે.”

### “અફવા પર ધ્યાન ન આપો, સ્ટોક પૂરતો છે”

શહેરના એક જાણીતા પેટ્રોલ પંપના સંચાલકે સ્થિતિ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, “અમારી પાસે પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. લોકોએ ખોટી અફવાઓ પર ધ્યાન આપવાની જરૂર નથી. માત્ર ગભરાટને કારણે લોકો ટાંકી ફૂલ કરાવી રહ્યા છે, જેનાથી ભીડ વધી રહી છે. અમે શાંતિ જાળવવા વિનંતી કરીએ છીએ.”

**પરેશ શાહ** (નાયરા પેટ્રોલ પંપ સમા રોડ)




### અફવાઓથી દૂર રહેવા નાગરિકોને અપીલ

ગુજરાતના અમુક શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની ફેલાયેલી અફવાઓ વચ્ચે આજે રાજ્ય સરકાર, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન દ્વારા સંયુક્ત નિવેદન આપીને રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની જાહેર જનતાને મહત્વની ખાતરી આપવામાં આવી છે.અમુક જગ્યાએ પેટ્રોલ અને ડીઝલની અછત હોવાના સમાચાર માત્ર અફવા છે. આ ઉપરાંત જો કોઈ ડીલર પાસે જથ્થો હોવા છતાં જાણીજોઈને પંપ બંધ રાખશે અથવા જનતાને હેરાન કરશે, તો તેની સામે સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**મોના ખંધાર,** અધિક મુખ્ય સચિવ

### “ટેન્કરની રાહ જુઓ, ગાડી આવતા જ પેટ્રોલ મળશે

અકોટા વિસ્તારના નાયરા પેટ્રોલ પંપના માલિકે લાચારી વ્યક્ત કરતા કહ્યું કે, “હાલ પૂરતો સ્ટોક અમારા પેટ્રોલ પંપ પર ખલાસ થઈ ગયો છે. અમે નવા ટેન્કરની રાહ જોઈ રહ્યા છીએ. જેવી ગાડી આવશે કે તરત જ સપ્લાય ફરી શરૂ કરાશે અને તમામ ગ્રાહકોને પેટ્રોલ મળી રહેશે. ત્યાં સુધી ગ્રાહકોએ સહકાર આપવો જરૂરી છે.”

**સંચાલક,** અકોટા નાયરા પેટ્રોલ પંપ

### ‘પેટ્રોલ શોધવા ગાડી ખેંચવી પડે તેવી નોબત’

“અહીં પેટ્રોલ ખલાસ થઈ ગયું છે. હવે મારે ત્રણ-ચાર કિલોમીટર સુધી ગાડી ખેંચીને બીજા પંપ પર જવું પડશે. ખબર નહીં ક્યારે આ લાઈનો ઓછી થશે.” લાઈનમાં ઉભેલા અન્ય એક ગ્રાહકે કહ્યું કે, “સોશિયલ મીડિયા પર મેસેજ જોયો કે કાલે પેટ્રોલ નહીં મળે, એટલે ઓફિસ છોડીને પણ અહીં લાઈનમાં ઉભો છું. બે કલાકથી મારો નંબર આવ્યો નથી.”

**હેરોલ્ડ ડાભી, ગ્રાહક**

જાણ વિના માર્કશીટ વિતરણ બંધ કરવામાં આવતા દૂર દૂરથી આવેલા વિદ્યાર્થીને હાલાકી

## MSU કોમર્સ ફેકલ્ટીમાં માર્કશીટ લેવા આવેલા વિદ્યાર્થીઓને ફોગટનો ફેરો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં માર્કશીટ લેવા આવેલા વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અગાઉથી કોઈ જાણ કર્યા વગર માર્કશીટ વિતરણની પ્રક્રિયા અચાનક બંધ રાખવામાં આવતા દૂર-દૂરથી આવેલા વિદ્યાર્થીઓમાં ભારે રોષ ફેલાયો હતો. કોમર્સ ફેકલ્ટીમાં માર્કશીટ લેવા વિદ્યાર્થીઓ જણાવ્યા મુજબ યુનિવર્સિટી દ્વારા નક્કી કરાયેલા સમય અનુસાર તેઓ માર્કશીટ લેવા માટે સોમવારે ફેકલ્ટી ખાતે પહોંચ્યા હતા. પરંતુ, ત્યાં પહોંચતા જાણવા મળ્યું કે અન્ય એક વિભાગમાં આયોજિત એક કાર્યક્રમને કારણે સ્ટાફ વ્યસ્ત હોવાથી માર્કશીટ વિતરણ બંધ રાખવામાં આવ્યું છે. યોગ્ય માહિતી આપવાને બદલે ત્યાં હાજર સિક્યુરિટી ગાર્ડ્સ અને સ્ટાફ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં ન આવતા વિદ્યાર્થીઓમાં નારાજગી જોવા મળી હતી. વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે, તેઓ 60 થી 70 કિલોમીટર દૂરથી મુસાફરી કરીને બસનું ભાડું



ખર્ચીને અહીં આવ્યા હતા, છતાં પૂર્વ જાણ કર્યા વગર કામગીરી બંધ રાખવામાં આવતા તેમને ધક્કા ખાવાનો વારો આવ્યો. વિદ્યાર્થીઓએ માંગ કરી છે કે, હવેથી આવા કાર્યક્રમો દરમિયાન વહીવટી કામગીરી ખોરવાય નહીં અને જો કોઈ કારણસર કામગીરી બંધ રાખવાની હોય તો તેની અગાઉથી નોટિસ બોર્ડ અથવા સોશિયલ મીડિયા દ્વારા જાણ કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી ના પડે.

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનમાં

## ખાતર લોડિંગમાં 129.54 %નો ઐતિહાસિક જંગી વધારો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનએ માલ લોડિંગ અને આવક ઉત્પન્ન કરવામાં નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. ડિવિઝનમાં ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ખાતર લોડિંગમાં આશરે 129.54 % નો ઐતિહાસિક વધારો નોંધાયો છે, જે રેલ્વેની મજબૂત વ્યૂહરચનાનું પરિણામ છે. વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા અનુસાર, વડોદરા ડિવિઝનને માત્ર ખાતર લોડિંગમાં જ નહીં, પરંતુ જીપ્સમ અને કોસ્ટિક સોડા જેવી અન્ય મહત્વપૂર્ણ ચીજવસ્તુઓના લોડિંગમાં પણ નોંધપાત્ર સફળતા મળી છે. આના કારણે રેલ્વેની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. દહેજ રેલ્વે સ્ટેશન પર વર્ષ 2024-25 નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ 88 રેક લોડ કરવામાં આવ્યા હતા, જ્યારે ચાલુ નાણાકીય વર્ષ 2025-26માં આ સંખ્યા વધીને 202 રેક થઈ ગઈ છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં 13 રેકની સરખામણીમાં આ વર્ષે 31 રેકનો વધારો નોંધાયો છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં 30 રેકની સરખામણીમાં આ વર્ષે લોડિંગનો આંકડો 54 રેક પર પહોંચી ગયો છે. વડોદરા વિભાગ ગ્રાહક ઉત્પાદનો માટે સમયસર રેક પૂરા પાડવા અને તેમના ગંતવ્ય સ્થાનો પર તેમની સલામત અને સુરક્ષિત ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે. આ સતત પ્રયાસો અને નિશ્ચય માલગાડીના સંચાલનની સમયસરતા સુનિશ્ચિત કરી રહ્યા છે, જેનાથી માત્ર માલગાડી ગ્રાહકોનો વિશ્વાસ વધ્યો નથી પરંતુ રેલ્વેની આવકમાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે.

જે.પી. રોડની આનંદવન સોસાયટીમાં ‘અશાંતધારા’ના ધજાગરા ?

## મિલકત પચાવી પાડવા બ્રોકરો અને વકીલોનું માનસિક દબાણ

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

પહેલાં સોદા, પછી ધમકી અને હવે કબજો લેવાની પેરવી. જૂના પાદરા રોડ પર આવેલી આનંદવન સોસાયટી (સ્પ્રીંગવુડ રેસીડન્સી-2) ના રહીશો અત્યારે ગંભીર ભય અને આક્રોશના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ગુજરાત સરકારના કડક ‘અશાંતધારા’ (Disturbed Areas Act) હેઠળ આવતા આ વિસ્તારમાં કાયદાની ઐસીતૈસી કરીને ડેમોગ્રાફિક ફેરફાર (વસ્તીનું માળખું બદલવા) કરવાનો કારસો રચાઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો રહીશો દ્વારા કરવામાં આવ્યા છે. રહીશોનો આક્ષેપ છે કે સોસાયટીમાં આવેલ મકાન નં. ડી/2 (અતરીયાદેવી પોપટલાલ પુરોહીતની મિલકત) કોઈ અન્ય કોમના વકીલ/પરિવારને વેચી દેવામાં આવી છે. નવાઈની વાત એ છે કે, જે વિસ્તારમાં મિલકત ટ્રાન્સફર માટે જિલ્લા કલેક્ટરની પૂર્વ મંજૂરી અનિવાર્ય છે, ત્યાં પરવાનગી વગર જ કબજો સોંપવાની તૈયારીઓ ચાલી રહી છે. કાયદાકીય છટકબારીઓ શોધીને અશાંતધારાના મૂળ હેતુને જ ખતમ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સોસાયટી એસોશીએશનના સભ્યોએ ચોંકાવનારી વિગતો આપતા જણાવ્યું કે, મુસ્લિમ



વકીલો અને બ્રોકરો વારંવાર સોસાયટીમાં આંટાફેરા કરીને હિન્દુ પરિવારોની સ્ત્રીઓને સીધેસીધું પૂછે છે કે, તમારે ઘર વેચવું છે ? અત્યારે વેચશો તો સારા ભાવ મળશે, પછી કોઈ કિંમત નહીં ઉપજે. આ પ્રકારનું દબાણ એ માનસિક ટોર્ચર સમાન છે. રહીશોનું કહેવું છે કે બંધ પડેલા મકાનોની ફાઈલોના સોદા અને ટોકન પેમેન્ટ થઈ ગયા હોવાના દાવા કરીને અન્ય રહીશોને પણ મકાન ખાલી કરવા મજબૂર કરવામાં આવી રહ્યા છે. એક વર્ષ પહેલા પોલીસે પૂછપરછ કરી ત્યારે રહીશોએ લેખિતમાં વિરોધ નોંધાવ્યો હતો કે તેઓ અન્ય કોમના લોકોને પડોશમાં ઈચ્છતા નથી. છતાં તંત્રની ઢીલી નીતિને કારણે આજે અસામાજિક તત્વો સોસાયટીના માહોલને ડહોળી રહ્યા છે.